કર્મચારી કલ્યાણનિધિ બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ક્રમાંક:જલમ/૫૦૨૦૦૭/૨૯૬૪/જ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : 17 DEC 2007

સંદર્ભ : ૧) ગૃહ વિભાગનો તા.૧૭/૮/૮૮ નો ઠરાવ ક્રમાંક:જલમ/૧૦૮૮/૨૦૪૦/જ.
૨) ગૃહ વિભાગનો તા.૨/૫/૯૬ નો ઠરાવ ક્રમાંક:જલમ/૧૦૮૮/૨૦૪૦/જ
૩) જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદનો તા.૧૯/૧૧/૦૭ નો પત્ર ક્રમાંક:સવફ/૧૬૮૯/૦૭.

ઠરાવ (સુધારો)

રાજયની જેલોના કર્મચારીઓને ફરજ દરમિયાન થતાં અકસ્માત/મૃત્યુ પ્રસંગે પુત્ર /પુત્રીઓના ઉચ્ચ અભ્યાસ અને લગ્ન માટે જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓની ખરીદી કે લઘુ ઉદ્યોગો સ્થાપવા માટે તેમના કુટુંબને તાત્કાલિક આર્થિક સહાય મળી રહે તે હેતુથી સંદર્ભ ક્રમાંક:(૧)મુજબના ઠરાવથી જેલ કર્મચારી કલ્યાણ નિધિ ઉભું કરવામાં આવેલ છે. ત્યારબાદ સંદર્ભ ક્રમાંક:(૨) મુજબના ઠરાવથી જેલ ખાતાના કર્મચારી નિવૃત્ત/બરતરફ થાય તે પહેલા મૃત્યુ પામે તો તેના વારસદારોને તાકીદે નોન રીફન્ડેબલ આર્થિક સહાય વધારીને રૂા. ૫૦૦૦/– કરવામાં આવેલ છે. હવે વધતી જતી કીમતો અને તેના પરીણામે રૂપિયાના અવ મૂલ્યનને અનુલક્ષીને જેલ ખાતાના કર્મચારીને મળવાપાત્ર રૂા. ૫૦૦૦/– ની આર્થિક સહાય વધારીને રૂા.૧૦,૦૦૦/– કરવાની જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય અમદાવાદે સંદર્ભ ક્રમાંક:(૩) મુજબના પત્રથી કરેલ દરખાસ્તને આથી સંમતિ આપવામાં આવે છે.

૨. આ સુધારો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૦૬/૧૨/૦૭ ની નોંધથી મળેલ સંમતિને આધારે કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. એન. પટેલ)
નાયબ સચિવ
ગૃહ વિભાગ.

- જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
- નાણાકીય સલાહકારશ્રી(ગૃહ), સચિવાલય, ગાંધીનગર.
- અધિક્ષકશ્રી, મધ્યસ્થ જેલ અમદાવાદ/વડોદરા
- અધિક્ષકશ્રી ખાસ જેલ ભુજ/પોરબંદર
- અધિક્ષકશ્રી સર્વે જિલ્લા જેલ/સબ જેલ
- તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, ગૃહ વિભાગ.
- સિલેકટ ફાઈલ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.